સા. વ. વિ.ની તા. ૨૭-૦૪-૨૦૧૧ની નોંધ
ઉદ્યોગ અને ખાણ વિભાગના પત્ર ક્રમાંક : મલસ-૧૦૨૦૦૯-૫૯૨૮૦૯, ડ-૨, તા. ૧૧-૫-૨૦૧૧
અને ઠરાવ ક્રમાંક : મદસ/૨૦૧૬/૨૦૫/ડ-૨, તા. ૧૯-૧૧-૨૦૧૬

| ગેઝેટ રજી. નં. | |
|---|---|

# નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર
## ગુજરાત સરકાર
## નામ/અટક બદલવા અંગેનું ફોર્મ

ફોટો

***અંગ્રેજીમાં નામ પ્રસિધ્ધિ માટે આ જ ફોર્મ અંગ્રેજી (CAPITAL LETTERS)માં ભરવું અને સોગંદનામું પણ અંગ્રેજીમાં જ કરવું. આ ફોર્મ ભરતાં પહેલાં આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવી અને ફોર્મ મોટા સ્વચ્છ અક્ષરે ભરવું.***

**પ્રતિ,**
વ્યવસ્થાપકશ્રી,
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,
નવી કલેકટર ઓફીસ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧.

**મહાશય,**

અમોએ પાછળ આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી છે, સમજી છે અને તમામ સૂચનાઓ અમોને બંધનકર્તા છે. ગુજરાત સરકારના રાજ્યપત્ર ભાગ-રમાં નોટિસ પ્રસિધ્ધિ માટે મોકલેલ આ ફોર્મમાં જણાવેલ વિગતો ખરી છે અને રજૂ કરેલ આધારો અમારી જાણ મુજબ સાચા છે. ગેઝેટમાં નામ પ્રસિધ્ધ કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. અરજી કર્યા તારીખે મારી/સગીરની ઉંમર ................ વર્ષની છે. અમો ભારતીય નાગરીક છીએ અને ગુજરાતમાં ............. વર્ષથી વસવાટ કરીએ છીએ.

☐ હું અનુસૂચિત જાતિ, જનજાતિ વર્ગનો સભ્ય છું. જે અંગેનું ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રીનું પછાતવર્ગ અંગેના પ્રમાણપત્રની ખરી નકલ આ સાથે સામેલ કરૂં છું.

| | |
|---|---|
| **જુનું પુરેપુરૂં નામ** | |

**બદલીને**

| | |
|---|---|
| **નવું પુરેપુરૂં નામ** | |

| | | |
|---|---|---|
| **અરજદારનું કાયમી સરનામું** | | |
| | **પીન કોડ** | **મોબાઈલ** |

**નામ/અટક બદલવાનું કારણ** ____________________

| **મનીઓર્ડરથી/રૂબરૂ નાણાં ભર્યાની વિગતો** | | | |
|---|---|---|---|
| | **ફોર્મ સાથે સંબંધિત અરજદારના નામની મનીઓર્ડર રસીદની ઝેરોક્ષ જોડવી.** | જાહેરાતનો દર | ₹ |
| | **મનીઓર્ડર પહોંચ નં.** .................................... **તા.** .................... | વધારાની નકલ | ₹ |
| | **નાણાં રૂબરૂ ભર્યા હોય તો કચેરીના રીસીપ્ટ નં.** .................................... | કુલ | ₹ |
| | **તા.** .................... કેશીયરની સહી | ***અંકે રૂપિયા*** | |

| | |
|---|---|
| ***અભણ વ્યક્તિના કિસ્સામાં**<br>**સાક્ષીની સહિ** X<br>**સાક્ષીનું નામ :**<br>**સાક્ષીના રહેઠાણનું સરનામું :** | **અરજદારની સહિ/ અંગુઠાનું નિશાન** X<br>***સગીરના કિસ્સામાં**<br>**વાલી/માતા/ પિતાની સહિ અથવા અંગુઠાનું નિશાન** X |

| | | | |
|---|---|---|---|
| **બિડાણ** | ૧. | ૨. | ૩. |
| | ૪. | ૫. | ૬. |

**ફોર્મ ચકાસણી કરનારની સહી અને તારીખ :**

[ સુચના માટે પાછળ જુઓ...

G. P. Rjt., F-8 05-2018 6,000 PA3*

## નામ/અટક પ્રસિધ્ધિ અંગેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧ | નામ/અટક બદલી અંગે પુખ્ત અરજદારે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો નોટિસ ફોર્મ સાથે સહી કરી લગાવવાનો રહેશે. જુનું નામ બદલીને નવું નામ તથા રહેઠાણના સરનામાની સંપૂર્ણ વિગતો સોગંદનામામાં દર્શાવવાની રહેશે. ફોર્મ સાથે સરકારી આધાર જેમ કે ચૂંટણી ઓળખપત્ર/પાન કાર્ડ/આધાર કાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ/રેશનીંગ કાર્ડ/ટેલીફોન બીલ/લાઈટ બીલ/ઘરવેરા બીલમાંથી કોઈપણ એક ફોટો ID તેમજ કોઈપણ એક રહેઠાણનો પુરાવો એમ કુલ બે દસ્તાવેજની પ્રમાણિત ખરી નકલ અરજદારની સહી સાથે રજૂ કરવાની રહેશે. ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અંગેનું નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર ઉપર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ / એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા નોટરીના સહી સિક્કા સાથેનું ***ગેઝેટ પ્રસિધ્ધિના હેતુવાળુ અસલ અદ્યતન સોગંદનામું*** રજૂ કરવાનું રહેશે. |
| ૨ | સગીર અરજદાર એટલે કે ૧૮ વર્ષ (અઢાર વર્ષ) કરતાં નાની ઉંમરના અરજદારના કિસ્સામાં જરૂરી સોગંદનામું પિતા/માતા/વાલીએ કરવાનું રહેશે. સોગંદનામું વ્યક્તિગત ધોરણે અલગ અલગ આપવાનું રહેશે. સગીર અરજદારના પુરાવા રૂપે જન્મ તારીખનો પુરાવો પ્રમાણિત કરાવી અરજી સાથે રજૂ કરવાનો રહેશે. |
| ૩ | દક્ષિણના તથા અન્ય રાજ્યોની રૂઢી કે નામાભિધાન/વ્યકિતગત ઓળખ (ID) અલગ હોઈ અરજદારે રજૂ કરેલ ગેઝેટ પ્રસિધ્ધીનું હેતુલક્ષી અસલ સોગંદનામું તેમજ સરકારી આધારો રજૂ કર્યેથી નામની પ્રસિધ્ધિ આપવામાં સરકારની કોઈ જવાબદારી રહેતી નથી. આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે. જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૪ | પુનઃલગ્નનાં કિસ્સામાં અરજદાર દ્વારા સોગંદનામામાં વિગતવાર ઉલ્લેખ કરીને સૂચવેલ ફેરફારને કોર્ટ દ્વારા અપાયેલ લગ્ન વિચ્છેદનો હુકમ (ડાયવોર્સ ડીડ) અને પુનઃલગ્નના આધાર તેમજ માતા અને પિતાના સોગંદનામાના આધારે બાળકોના નામ પાછળ પિતાના નામ/અટક બદલીને ફેરફાર પ્રસિધ્ધ કરી શકાશે, આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે. જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૫ | દત્તક વિધાનમાં કાયદાકિય ગુંચ તેમજ વારસાઈ અને મિલકતને લગતી બાબતો હોઈ હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ-૧૯૫૬ અન્વયે અદ્યતન જોગવાઈ/સુધારા મુજબનું સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ દત્તક વિધાન રજૂ કર્યેથી નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપી શકાશે. દત્તક પુત્ર/પુત્રીની ઉંમર ૧૫ વર્ષથી વધુ હોય તે સમયે નોટિસ ફોર્મ સાથે નામદાર કોર્ટના હુકમના આધારે પ્રસિધ્ધી આપવામાં આવશે. |
| ૬ | અરજદાર તેમના પિતાના નામમાં કોઈપણ ફેરફાર કરાવી શકશે નહિ. અને જો તેમના પિતાના નામમાં ફેરફાર કરાવવાનું હશે તો તેમના હયાત પિતાએ પ્રથમ નામ-બદલી ફેરફાર કરવાનું રહેશે. સાથોસાથ અરજદારે તે આધારે નામ ફેરફાર માટે નિયત ફોર્મ ભરી અરજી કરવાની રહેશે. |
| ૭ | (અ) પરણિત સ્ત્રી પિતાનું નામ/અટક બદલીને પતિનું નામ ધારણ કરવા ઈચ્છતાં હોય તેવા સ્ત્રી અરજદારે લગ્ન અંગેની કંકોત્રી અથવા લગ્નના પ્રમાણપત્રની ખરી નકલ રજૂ કરવાની રહેશે.<br>(બ) સ્ત્રી અરજદારના લગ્નને લાંબો સમયગાળો વીતી ગયેલ હોય અને લગ્ન પત્રિકા અપ્રાપ્ય હોય તેવા કિસ્સામાં સરકારી રેકર્ડ જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, આધાર કાર્ડમાં સંબંધિત નામનો ઉલ્લેખ દર્શાવેલ હોય તેવા કિસ્સામાં પતિ અને પત્નિના સોગંદનામા અને સરકારી આધારોને ધ્યાને લઈ નામની પ્રસિધ્ધિ આપી શકાશે. |
| ૮ | છૂટાછેડાના કિસ્સામાં સ્ત્રી અરજદારે નામદાર કોર્ટના લગ્ન વિચ્છેદનો હુકમ (ડાયવોર્સ ડીડ)ની પ્રમાણિત નકલ, ગેઝેટ પ્રસિધ્ધીના હેતુવાળુ અસલ સોગંદનામું, (એફીડેવીટ) રજૂ કર્યેથી નામ/અટક અંગે પ્રસિધ્ધિ આપવામાં આવશે. |
| ૯ | કુંવારી માતાના કિસ્સામાં બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા સંયુક્ત ફોટા સહિતનું અસલ સોગંદનામું સૂચના ક્રમાંક-૧ મુજબ તેમજ બાળકના જન્મના પ્રમાણપત્રની ખરી પ્રમાણિત નકલ અરજદારની સહી સાથે નોટિસ ફોર્મ સાથે રજૂ કરવી. |

## નામ/અટક પ્રસિધ્ધિ અંગેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧૦ | બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચૂકાદાને આધીન છુટાછેડાના કિસ્સામાં બાળકનો કબજો કાયદેસર રીતે માતા પાસે હોય તેવા કિસ્સામાં આધાર રજૂ કર્યેથી તેમજ બાળક અને માતાના સોગંદનામું (એફિડેવીટ) ના આધારે બાળકના નામ પાછળ માતાનું નામ/અટકને પ્રસિધ્ધિ આપી શકાશે. |
| ૧૧ | જાતિય પરીવર્તનથી સ્ત્રીમાંથી પુરૂષ અથવા પુરૂષમાંથી સ્ત્રી બનેલા અરજદારે નામ ફેરફાર માટે મેડીકલ બોર્ડનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર તેમજ સોગંદનામું આપવું. |
| ૧૨ | નામ ફેરફાર અંગેની જરૂરી ફી/વધારાની નકલ સહિતની રકમ અરજદારે અરજી સાથે સરકારશ્રીમાં (અત્રેની કચેરી ખાતે) જમા કરાવવાની રહેશે. ફીની રકમ ચલણ કે પોસ્ટલ ઓર્ડરથી સ્વીકારવામાં આવશે નહિ. જાહેરખબરના દર (અનુસૂચિત વર્ગોના સભ્યો સિવાય) ₹ ૨૦૦/- રહેશે. ***આ દરમાં રાજ્યપત્રની બે પ્રતની કિંમતનો સમાવેશ થાય છે.*** આ ઉપરાંત વધારાની દરેક પ્રત માટે ₹ ૮૦/- વધારે મોકલવા. |
| ૧૩ | અનુસૂચિત જાતિ/જન જાતિ વર્ગોના સભ્યોના નામ માટે ગુજરાત સરકારના રાજ્યપત્રમાં દરેક અરજી માટે ₹ ૨૦૦/- ને બદલે ₹ ૧૨૦/- ના ઘટાડેલા દરે પ્રસિધ્ધ કરવામાં આવશે. અરજદારે યોગ્ય રીતે ભરેલા નામમાં ફેરફાર માટેના ફોર્મની સાથે સક્ષમ અધિકારીશ્રીના પછાત વર્ગના પ્રમાણપત્રની ખરી પ્રમાણિત નકલ અરજદારની સહિ સહિત રજૂ કરવી. |
| ૧૪ | રૂબરૂ ફી સ્વીકારવાનો સમય સોમવાર થી શુક્રવાર સવારના ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી. પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારે સવારના ૧૧:૦૦ થી ૨:૦૦ સુધી. બીજો/ચોથો શનિવાર અને જાહેર રજાના દિવસે તેમજ રીસેશના સમયે બપોરે ૨:૦૦ થી ૨:૩૦ સુધી રૂબરૂ ફી સ્વીકારવામાં આવતી નથી. |
| ૧૫ | મનીઓર્ડર અને નોટિસ ફોર્મ વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રીડ કલબ રોડ, નવી કલેકટર કચેરી નજીક, રાજકોટ-૩૬૦૦૦૧ ના સરનામે મોકલવું. મનીઓર્ડર અરજદારના જુના નામથી જ મોકલવું અને નોટિસ ફોર્મમાં મનીઓર્ડરની સંપૂર્ણ વિગત દર્શાવવી. |
| ૧૬ | નામ/અટક બદલી અંગેની ભરેલ રકમ નોન-રીફંડેબલ રહેશે. |
| ૧૭ | જન્મ તારીખ અંગેની જાહેરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ માટે અલાયદુ નિયત ફોર્મ ભરવું અને તે ફક્ત ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધિ આપવામાં આવે છે. સાચી જન્મ તારીખ નોંધણી કચેરીમાં નોંધાયેલને માન્ય રાખવામાં આવશે. |
| ૧૮ | નોટિસ પ્રસિધ્ધિમાં પ્રેસ દ્વારા કંઈપણ મુદ્રણ દોષ રહેવા પામેલ હોય તો તેવા કિસ્સામાં સંપૂર્ણ વિગત સાથે બે માસના સમયગાળામાં અત્રે જાણ કરવાની રહેશે. તેમજ પ્રસિધ્ધ થયેલ ગેઝેટની નકલો પરત મોકલી આપવાની રહેશે. |
| ૧૯ | ગુજરાત સરકારના રાજ્યપત્રમાં નામ-અટક બદલીની જાહેરાત પ્રસિધ્ધ થવાથી સંબંધિત વ્યક્તિને સરકારી કે બીજા રેકર્ડમાં નામ-અટક બદલવાનો કોઈપણ કાયદાકીય જોગવાઈથી ઉપરનો કોઈ હક્ક મળતો નથી. નોટિસ પ્રસિધ્ધ કરવી એ જાહેર ખબર છે. આ જાહેરાતના ખરાપણા વિશે તેમજ નામ/અટક બદલવાની નોટિસ અનધિકૃત વ્યક્તિએ આપેલી હોય તો સરકારની કોઈ જવાબદારી રહેતી નથી. ગેઝેટમાં બદલાવેલ નામ-અટક કોઈ અધિકૃત રેકર્ડ કે પુરાવો નથી. ગેઝેટમાં નામ પ્રસિધ્ધિની જાહેરાત અંગેની અરજીનો સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય સરકારશ્રીનો આખરી ગણાશે. |
| ૨૦ | નામ/અટક બદલવાના ફોર્મ નોટિસ સ્વીકાર કરવાના પ્રસંગે અથવા અસ્વીકાર કરવાના પ્રસંગે અરજદારે રજૂ કરેલ અસલ સોગંદનામું તથા અન્ય સંલગ્ન દસ્તાવેજો અરજદારને પરત કરવામાં આવતા નથી. |
| ૨૧ | વખતોવખત સરકારશ્રી દ્વારા નામ/અટક ફેરફારને લગતા જરૂરી આદેશો/સૂચનાઓ/નિયમો/જોગવાઈઓ અરજદારને બંધનકર્તા રહેશે. તથા કાયદાકીય ન્યાયક્ષેત્ર રાજકોટનું રહેશે. |

**નીચેની વિગતોને ગેઝેટ (રાજ્યપત્ર)માં પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.**

૧. જ્ઞાતિ-પેટા જ્ઞાતિને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૨. જન્મ સ્થળ ફેરફાર કરવા અંગેની નોટિસને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૩. અવસાન પામેલા વ્યક્તિઓના નામ ફેરફારના કિસ્સામાં પ્રસિધ્ધ કરવામાં આવતું નથી.
૪. ગુમ થયેલા વ્યકિતના નામમાં ફેરફાર કરવાની માંગણી સ્વીકારવામાં આવતી નથી.
૫. અરજદારના નામ આગળ સંબોધવામાં આવતા વિશેષણ/પદવી/ઉપનામ વિગેરેના ઉલ્લેખ સાથે નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૬. છેકછાક કે અવાચ્ય અક્ષરે ભરેલ નોટિસ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. તેમજ તે માટે પ્રેસ જવાબદાર રહેશે નહિ.
૭. વિદેશી નાગરિકના નામ/અટક બદલી અંગેના ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

**ગેઝેટ અંગેની માહિતી કચેરી સમય દરમ્યાન સાંજના ૪:૦૦ થી ૬:૦૦ સુધી**
**ટેલીફોન નં. ૦૨૮૧-૨૫૪૦૦૧૬/૨૫૪૦૦૧૭/૨૫૪૦૦૧૮ ઉપરથી મળી શકશે.**

**પ્રિન્ટેડ ગેઝેટ મેળવવા માટેની વેબસાઈટ**
**https://dgps.gujarat.gov.in**

**નામ/અટક બદલી, જન્મ તારીખ બદલી અંગેનું ફોર્મ વિના મૂલ્યે રાજકોટ કચેરી ઉપરાંત નીચે મુજબના સ્થળોએ પણ ઉપલબ્ધ થશે.**

◈ શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ પ્રેસ,
સેકટર-૨૯, ઘ-૭ સર્કલ પાસે, ગાંધીનગર.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
આઝમખાન પેલેસ, ભદ્રકાળી મંદિરની બાજુમાં,
લાલ દરવાજા, અમદાવાદ.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
હલુરીયા ચોક, ભાવનગર.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,
આનંદપુરા, કોઠી રોડ, વડોદરા.

**વેબસાઈટ http://www.imd-gujarat.gov.in/forms/dgps.html**

**Book Post**
**PRINTED**

**<u>O. I. G. S.</u>**

પ્રતિ,
શ્રી ........................................
........................................
........................................
.................... પીન ....................

રવાના :
**વ્યવસ્થાપકશ્રી,**
સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી,
રીડ કલબ રોડ, નવી કલેકટર કચેરી નજીક, રાજકોટ-૩૬૦૦૦૧.